# ચોમાસામાં 'ફુડ ફેસ્ટિવલ' ઉજવતા સર્પો પૃથ્વી પરના પ્રથમ યોગી છે

**ચોમાસા દરમ્યાન સાપ વધુ નિકળવાનું રોચક વિજ્ઞાન સમજી તેની હત્યા ના કરવા હૃદયસ્પર્શી ધર્મેન્દ્ર ત્રિવેદીનો અનુરોધ**



ગાંધીનગર, તા. ૨૨

ચોમાસુ આવે એટલે ચોતરફ હરિયાળી છવાઈ જાય, જાણે કુદરત ઉત્સવ મનાવી રહી હોય તેવો માહોલ સર્જાય. ચોમાસાના સમયગાળામાં કુદરતી સર્જન-વિસર્જનની પ્રક્રિયા મોટા પાયે આરંભે છે અને આ મૌસમમાં સર્પો સૌથી વધુ જોવા મળે છે. ચોમાસુ એ સર્પો માટે 'ફૂડ ફેસ્ટિવલ' છે અને પૃથ્વી પરના પ્રથમ યોગી છે. આ શબ્દો છે ગાંધીનગરના સ્નેક ક્લબના સર્પપ્રેમી ધર્મેન્દ્ર ત્રિવેદીના. તેમના મતે બુદ્ધિશાળી પ્રાણી હોવાને નાતે માનવને પોતાનો જીવવાનો જેટલો અધિકાર છે તેટલો સર્પોને પણ કેમ ના આપીએ ?

ગાંધીનગરના સર્પપ્રેમી ધર્મેન્દ્ર ત્રિવેદીએ નગરમાં અસંખ્ય સર્પોને બચાવી સુરક્ષિત વાતાવરણમાં છોડ્યા છે. સર્પો સાથેના લગાવ અને અનુભવના આધારે તેઓએ ચોમાસામાં સર્પો વધુ દેખાવાના વૈજ્ઞાનિક કારણો ગાંધીનગર સમાચારને જણાવ્યું છે. તેમના મતે સર્પ એ ઠંડા લોહીવાળુ પ્રાણી છે. તેથી શરીરના તાપમાનને નિયંત્રિત કરવા તેને ભાગ્ય પરિબળોનો સહારો લેવો પડે છે. શિયાળામાં તડકાનો અને ઉનાળામાં છાંયડા અથવા ભીનાશવાળી જગ્યાનો સહારો લેવો પડે. આપણો દેશ વિષમ આબોહવા ધરાવતો હોવાથી શિયાળાની તીવ્ર ઠંડીમાં જો સર્પ સુરક્ષિત જગ્યામાં છુપાઈ ના શકે તો તેના શરીરનું લોહી ઠરી તેમાંથી પાણી અલગ થઈ જાય છે અને તેનું કામ તમામ કરી નાંખે છે. આથી શિયાળામાં મોટાભાગના સાપો શરીરને ગરમ રાખવા

● અનુસંધાન પાન-૭ પર

# માર્ગ-મકાન વિભાગના સચિવ તરીકે પી. જે. પટેલ

ગાંધીનગર તા ૨૨

માર્ગ મકાન વિભાગના નવા સચિવ તરીકે પી જે પટેલને કાર્યભાર સોંપવામાં આવ્યો છે. વિભાગના સચિવ પી એન જૈન વય નિવૃત થતા આગામી તા ૩૧ જુલાઈથી તેઓ માર્ગ મકાન વિભાગના સચિવ તરીકે ચાર્જ સંભાળી લેશે.

માર્ગ મકાન વિભાગમાં વય નિવૃતિના દૌરથી હાલની સ્થિતિએ મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં છે. પાટનગર યોજના વિભાગમાં નાયબ મદદનીશ ઈજનેરની જગ્યાઓ ચાર્જમાં છે. એક અધિકારી પાસે બે જગ્યાના ચાર્જ છે. આ ઉપરાંત જુલાઈ અંત તેમજ આગામી ઓગષ્ટ સુધીમાં અન્ય અધિકારીઓ વયનિવૃત થતા સ્થિતિ વધુ કથળે તેવી શકયતા છે.હાલ પણ સ્ટાફના અભાવે ઘણાં કામો ખોરંભે પડયા છે.એકબાજુ એસ ઓ ની ખાલી જગ્યા પણ ભરાતી નથી. જયારે વયનિવૃતિના લીધે અન્ય જગ્યાઓ પણ ખાલી થતી જાય છે. આવા સંજોગોમાં ફરજ પરના અધિકારીઓ માટે કામ કરવુ વધારે મુશ્કેલ અને ચેલેન્જરૂપ બનતુ જતુ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આગામી બે વર્ષમાં નિવૃતિના લીધે વિભાગમાં અનુભવી અધિકારીઓનો શુન્યવકાશ સર્જાય તેવી સ્થિતિ છે. માર્ગ મકાન વિભાગના સચિવ પી એન જૈન આગામી તા ૩૧ જુલાઈના રોજ વયનિવૃત થતા આ જગ્યાએ ચીફ એન્જીનિયર પોલીસી પ્લાનીંગ પી જે પટેલ વિભાગના નવા સચિવ તરીકે આગામી તા ૩૧ જુલાઈથી ચાર્જ સંભાળી લેશે.



મોરનો ટહુકાર..
હવે તો મન મૂકીને
વરસો...
અષાઢી વાદળો
વરસ્યા અને
મોરલાં ટહુક્યાં...

(તસવીર : દિપક જાની)

# ગુડા, શહેર નજીક નવા ૨ હજાર મકાનો બાંધશે

**ટુંકમાં સ્થળ પસંદગી કરાશે : આવાસોની ડીમાન્ડને ધ્યાને લઈ એલ આઈ જી તેમજ એમ આઈ જી પ્રકારના મકાનો બનાવાશે**

ગાંધીનગર તા ૨૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા શહેર નજીકના આસપાસના વિસ્તારમાં એલ આઈ જી તેમજ એમ આઈ જી તેમ વિવિધ બે પ્રકારના મકાનો બાંધવામાં આવશે. ગુડા દ્વારા ૨ હજાર મકાનો બાંધવા નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે આ મામલે હજુ સ્થળ પસંદગી થઈ શકી નથી.આમ નાગરીકોને માથે પાકી છત મળી રહે તે માટે આવાસોની સંખ્યા પણ વધારીને બેવડી કરી દેવામાં આવશે.

ગુડા દ્વારા ગાંધીનગર આસપાસના ચિલોડા રાયસણ અને અડાલજમાં શુભ લાભ આવાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. અંદાજિત ૧૧૦૮ જેટલા મકાનો તૈયાર કરવામાં આવી રહયા છે. આવાસ યોજનાનુ કામ ઘણાં લાંબા સમયથી ચાલી રહયુ છે. જો કે બે વર્ષના અંતે પણ આવાસોનો કબજો સોંપવામાં આવ્યો નથી. અગાઉ ડ્રોની પ્રક્રીયાના અંતે અરજદારોને આવાસોની ફાળવણી કરવામાં આવી હતી. સુત્રોના જણાંવ્યા મુજબ આગામી ટુંક સમયમાં આવાસોનો કબજો સોંપી દેવામાં આવશે. જયારે મધ્યમ તેમજ ઓછી આવક ધરાવતા પરિવારજનોને ધ્યાને રાખી ગુડા દ્વારા ગાંધીનગર નજીકના વિસ્તારમાં નવી આવાસ યોજના તૈયાર કરવામાં આવશે. જેમાં ગુડા દ્વારા અંદાજીત ૨ હજાર જેટલા આવાસો બનાવાશે.

● અનુસંધાન પાન-૭ પર

# ફતેપુરાના ગ્રામજનોને કબજેદાર દર્શાવાતા આક્રોશ: મિલ્કતના માલિકી હક્ક પર તરાપ

**સયાજીરાવ ગાયકવાડના વખતથી અસ્તિત્વમાં આવેલા ગામમાં ૨૦૦ જેટલા મિલ્કતધારકોની વ્યથા**

ગાંધીનગર તા ૨૨

કોર્પોરેશન દ્વારા આકરા ટેક્ષની વસુલીમાં શહેરી વિસ્તારના ગામોમાં વસતા મકાન માલિકોને કબજેદાર દર્શાવાતા પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે.સયાજીરાવ ગાયકવાડના સમયમાં અસ્તિત્વમાં આવેલા ફતેપુરા ગામમાં પણ ૨૦૦ જેટલા મિલ્કતધારકોને મિલ્કતવેરાના બીલમાં કબજેદારો દર્શાવાતા રોષ પ્રવર્તયો છે.આ મામલે મ્યનિ કમિશ્નર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ નાગરીકો પર આકરો મિલ્કતવેરો લાદવામાં આવ્યો છે. જયારે રાજયના અન્ય શહેરો કરતા પણ વધુ મુલ્કતવેરો વસુલી પ્રજા સાથે અન્યાય થતો હોવાની લાગણી પણ પ્રર્વતી છે. જયારે મિલ્કતવેરાના મામલે સમાનતા ન જળવાતી હોવાની સાથે તેના માપદંડ સામે પણ પ્રશ્ન ઉદભવ્યો છે. આવા સંજોગોમાં મિલ્કતના માલિકો હોવા છતા આસપાસના ગ્રામજનોને કબજેદાર દર્શાવી તેમના માલિકી હક્ક પર તરાપ મારવામાં આવી હોવાનું પણ પ્રકાશમાં આવ્યુ છે. જેના પરિણામે ગ્રામજનોમાં આક્રોશ પ્રવર્તયો છે. કોર્પોરેશન દ્વારા મિલ્કત વેરાના બીલમાં ફતેપુરા ગામના મિલ્કતધારકોને કબજેદાર દર્શાવી તેમને જાણે દબાણકર્તા બનાવી દીધા હોવાની લાગણી પ્રબળ બની છે. જેના પરિણામે આ ગ્રામજનોને બેન્કની લોન તેમજ અન્ય કોઈ લાભો પણ મળતા નથી.

આ મામલે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચે જણાંવ્યુ હતું કે ગ્રામજનોની લાગણી અને માંગણીને ન્યાય મળે તે માટે મ્યુનિ કમિશ્નરને પણ રજુઆત પણ કરવામાં આવી છે. જયારે તેમણે આ અંગે સેટલમેન્ટ કમિશ્નરની સાથે પરામર્શ કરવાની વાત કરીને હજુ મામલો અધ્ધરતાલ જ રાખતા ગ્રામજનોને લાંબા સમયના અંતે ન્યાય મળ્યો નથી.



લીલોછમ માહોલ

(તસવીર : કશ્યપ નિમાવત)

# રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં વટહુકમ મંજુર કરાયો

અમદાવાદ, તા.૨૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલના અધ્યસ્થાને આજે મળેલી રાજય મંત્રીમંડળની બેઠકમાં રાજયમાં સ્થાનિક સ્વરાજયની સાંસ્થાઓને સ્પર્શતા ત્રણ અધિનિયમોમાં સુધારો કરતાં વટહુકમ રાજય મંત્રીમંડળે મંજૂર કર્યા છે. રાજય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી નિતીનભાઈ પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, રાજયમાં પ્રથમ વખત સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૫૦ ટકા મહિલા અનામત અને ફરજિયાત મતદાનની સૂચિત જોગવાઈઓના અમલ માટે પેટાચૂંટણીઓ અને નવી નગરપાલિકાની ચૂંટણીઓ પણ સામાન્ય ચૂંટણીઓ સાથે જ યોજાય તેવા હેતુથી રાજય મંત્રી મંડળે આ ત્રણેય અધિનિયમોની વિવિધ કલમોમાં સુધારો કરવા અંગેના વટહુકમો આજે મંજૂર કર્યા છે.

આ વટહુકમના મુસદા ગુજરાત રાજયના રાજયપાલને મંજૂરી અર્થે મોકલવામાં આવશે તેમ પણ પ્રવક્તા મંત્રીએ જણાવ્યું છે.

# ઓછા વરસાદ છતાં જિલ્લાના ૨૮ તળાવો છલકાયા

**સુજલામ સુફલામ યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતના તળાવોને નર્મદાના પાણીથી ભરવામાં આવ્યા**

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી ૨૭ કિલોમીટર લાંબી સુજલામ સુફલામ કેનાલ દ્વારા જલ્લાના ૨૮ તળાવોને ભરી દેવામાં આવ્યા છે. ઓછો અને ખેંચાયેલો વરસાદ હોવા છતાં જિલ્લાના તળાવો છલકાયા છે. જેનાથી ૧૦૮૦૦ હેકટર વિસ્તારને લાભ થયો છે.

અત્યંત ઓછા અને લગભગ ૨૫ દિવસના ખેંચાયેલા વરસાદના સંજોગો છતા પણ ઉતર ગુજરાતના બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના ગામતળાવો છલોછલ છલકાતા હોય તથા આસપાસનાં ખેતરો પણ કપાસના લીલાછમ પાકથી હરિયાળા બન્યા હોય તે સુખદ આશ્ચર્ય જન્માવે છે. જો કે છેલ્લા ૨ દવસથી ઉત્તર ગુજરાતમાં પણ વરસાદનો પ્રારંભ થયો છે છતાં અગાઉના નહીવત ખેંચાયેલા વરસાદના સંજોગોમાં સુજલામ સુફલામ યોજના દ્વારા નર્મદાના પાણીથી ભરાયેલ તળાવોએ સંકટ સમયે ખેડૂતોમાં હામ પુરી છે. સુજલામ સુફલામ યોજના હેઠળ રાજય સરકારના સિંચાઈ વિભાગે નર્મદા મુખ્ય નહેર આધારિત ૯ પાઈપલાઈન દ્વારા જોડાયેલા તળાવમાંથી ૨૭૭ તળાવો ઉપરાંત કડાણાથી બનાસ સુધીની ૩૩૭ કિલોમીટર લાંબી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં કડાણા જળાશય તથા નર્મદાના પાણી વહેવડાવી આ કેનાલ દ્વારા ઉત્તર ગુજરાતમાં તળાવો ભરાતા ખડૂતો માટે જે તે પાકની વાવણી નહીવત વરસાદ છતા પણ શકય બની છે તો જયાં વાવણી થઈ ચુકી છે તેવા અનેક ગામોમાં નર્મદાના પાણીથી ભરાયેલા તળાવોના કારણે સિંચાઈ શકય બનતાં ખેંચાયેલા વરસાદના સંજોગોમાં પાકને જીવતદાન મળ્યું છે.

આ પાઈપલાઈન ઉપરાંત સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ દ્વારા ઉત્તર ગુજરાતના મહેસાણા, ગાંધીનગર, પાટણ અને બનાસકાંઠા જિલ્લાને પણ સિંચાઈનો લાભ પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ મળ્યો છે. મહેસાણા જિલ્લામાં ૪૩ કિ.મી. સ્પ્રેડીંગ કેનાલમાં પાણી વહેવડાવીને ૫૩ તળાવો અને ૬ ચેકડેમ ભરવામાં આવ્યા છે તેના કારણે જિલ્લામાં ૧૬૦૦ હેકટર સિંચાઈનો વધારાનો લાભ મળ્યો છે. જયારે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી ભૂગર્ભ જળ રિચાર્જ થતા જિલ્લાના ૭ તાલુકાઓમાં ૧૫૪૭૧ હેકટર વિસ્તારને રિચાર્જીંગનો લાભ મળ્યો છે.

ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી ૨૭ કિલોમીટર સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ દ્વારા નદીઓ અને ડ્રેઈનને જોડેલ છે. સાબરમતી નદીમાં ૫ કિલોમીટર લંબાઈમાં પાણી વહેવડાવાયું છે. સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ અને ઉદવહન પાઈપલાઈનથી ૨૮ તળાવો ભરી દેવાયા છે. આ જિલ્લામાં સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી લાભિત વિસ્તાર ૧૦૮૦૦ હેકટર જેવો થવા જાય છે.







જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર
BISAG ઈન્ફોસીટી પાસે
ગાંધીનગર
સંપર્ક : ૯૩૨૮૦ ૭૦૩૪૩











Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com